ANUBHAVS



# અનિરુદ્ધ જ મારા એકમાત્ર આધાર

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com



*- ભૂષણ કાશીકર*

12 જુન 2008ના દિવસે સાંજના સાત વાગ્યા હતા. હું ઓફિસેથી ઘરે જવા માટે નીકળ્યો. કુર્લા સ્ટેશન પર લોકલ ટ્રેનમાં ચઢતી વખતે કોઈકે મારા પાકીટની ચોરી કરી. ટ્રેનની ગતિ તેજ થવા લાગી હતી. હું ગભરાઇ ગયો. મનમાં જાત-જાતનાં વિચાર આવવા લાગ્યા હતા. પાકીટમાં ડ્રાઈવીંગ લાઇસન્સ, એટીએમ કાર્ડ, 500 રુપિયા, મારા માતા-પિતાનો ફોટો અને પરમ પૂજ્ય શ્રી અનિરુધ્ધ બાપુજીનો ફોટો હતો. કલ્યાણ સ્ટેશને ઉતરીને મારા કાકાને ફોન કરીને બધી જાણ કરી. કાકાએ કહ્યું કે - કલ્યાણ સ્ટેશન પર ફરિયાદ લખાવીને ઘરે આવી જા. એ સમયે મારી માતા પણ મારી સાથે મારા ઘરે રહેતી હતી. કારણ કે ત્રણ દિવસ પછી મને ઓફિસ તરફથી ટ્રેનિંગમાં અમેરિકા જવાનું હતું. સૌથી પહેલા મે એટીએમ કાર્ડ બંધ કરાવી દીધુ. ઘરે તો આવી ગયો પરંતુ મન બેચેન હતું. મનમાં બાપુજીનું નામસ્મરણ ચાલુ જ હતું. પરમ પૂજ્ય બાપુજીના ફોટા સમક્ષ મારી માતાએ કહ્યું કે - બાપુ મારા દીકરાને મે તમારા ભરોસે જ એકલો મુક્યો છે ને! આજે હું એની પાસે હોવાથી આવી ઘટના કેવી રીતે બની ? પરમ પુજ્ય બાપુજીના દર્શન કરીને અમે સુઇ ગયા.

સવારે 5.00 વાગ્યે મારો ફોન આવ્યો...હલો, ભુષણ કાશીકર ? મેં હા કહ્યું. ત્યાથી અવાજ આવ્યો... તમારુ પાકીટ ખોવાઇ ગયુ છે ને! મે હા પાડી. એમણે એમનુ નામ કહ્યું અને સવારે 8.00 વાગ્યા પહેલા કુર્લા સ્ટેશને પહોચી જવા માટે કહ્યું. એમણે એમનુ નામ કિશોરભાઇ કહ્યું હતુ. મારી માતાએ કહ્યું કે બેટા એ ભાઇ નામ કહે છે અને તારા પાકીટમાં એટીએમ કાર્ડ પણ છે. એને એમ હશે કે તારા ખાતામાં ઘણા રુપિયા જમા હશે. મે મારી માતાને કહ્યું કે બાપુજી મારી સાથે છે ને! બિલકુલ ચિંતા કરીશ નહી. હું બાપુજીના ફોટાના દર્શન કરીને નીકળી ગયો. કુર્લા સ્ટેશન પહોચ્યો. કિશોરભાઇને મળ્યો. એમની સાથે વાતચીત કરી. એમણે કહ્યું કે એમની પાસે આ પાકીટ કેવી રીતે આવ્યું. એમણે મને પૂછ્યું કે શું તમે બાપુજી વિષે જાણો છો? તમે ક્યારેક બાંદ્રા ગયા છો? મેં એમને મારા વિષે બધી જાણકારી આપી. મે કહ્યું કે મારી માતા રામનામ નોટ લખે છે અને હું નિત્ય દરરોજ આન્હિક કરુ છું. જે મહિલાને આ પાકીટ મળ્યુ હતુ એને નાનુ ઈનામ

આપીને અને જેમણે મારા હાથમાં પાકીટ આપ્યું એને પ્રસાદના રુપમાં એક નાની ભેટ આપીને ઘરે પાછો ફર્યો.

આટલું વિશાળ મુંબઇ ! આટલી મોટી ભીડભાડ ! એમ છતાં મારુ પાકીટ સહી સલામત હતું. માત્ર રુપિયા જ કાઢી લેવાયા હતા. બાકીની બધી વસ્તુઓ બરાબર વ્યવસ્થિત જ હતી. એ સમયે મનમાં વિચાર આવ્યો કે બાપુ, કદાચ મારા પાકીટના એ 500 રુપિયાની એ વ્યક્તિને જરુર હશે. બધાને ખુશ રાખો. બધાને તમારો જ સહારો છે. હું પરમ પૂજ્ય અનિરુદ્ધ બાપુજીનો ઋણી છું. એમના કૃપાશીર્વાદને કારણે જ હું આજે અમેરિકામાં ત્રણ મહિનાની ટ્રેનિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરીને કુશળતાથી સુખરુપે પાછો આવ્યો છું. મારા બાપુજીને મારા શતશઃ પ્રણામ !!!

ૐ મનઃ સામર્થ્યદાતા શ્રી અનિરુદ્ધાય નમઃ
અનિરુધ્ધા અનિરુધ્ધા સાંઇ સમર્થા અનિરુધ્ધા...
અનિરુધ્ધા અનિરુધ્ધા શ્રી રામ કૃષ્ણા અનિરુધ્ધા...

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com